## ૧૫. શ્રી ધર્મનાથ ભગવાનની સ્તુતિઓ (૩)

કલ્પદ્રુમસધર્માણ - મિષ્ટપ્રાપ્તૌ શરીરિણામ્ ।
ચતુર્દ્ધા ધર્મદેષ્ટારં, ધર્મનાથમુપાસ્મહે ॥૧॥

સંસારાંભોનિધિ જળ વિષે બુડતો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીંદ્ર;
લાખો યત્નો યદિ જન કરે તોય ના તેહ છોડું,
નિત્ય ધર્મ પ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું. ૨

વસ્તુતણો જે સ્વભાવ છે, તે ધર્મ નામે જાણીએ,
દુર્ગતિ મહીં પડતા જીવોને, ધારે ધર્મ તે માનીએ;
પ્રગટાવ્યો નિજ સ્વભાવ જેણે તે, ધર્મનાથ પ્રભુ નમો,
નિજદાસને પડતો બચાવે, ધર્મજિન પંદરમો. ૩



Scanned with CamScanner